પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૮ | ૧ માર્ચ, ૨૦૧૭, બુધવાર ; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### કાદરખાન ગંભીર



બોલીવુડના પ્રસિદ્ધ કોમેડિયન કાદરખાનની તબીયત ખરાબ થઈ ગઈ છે. તેમને સારવાર માટે કેનેડા લઈ જવામાં આવ્યા છે.

### ભૂષણકુમારને કરચોરી મામલે ૪૦ લાખનો દંડ



સુપર કેસેટ્સ કંપની 'ટી-સીરીઝ'ના માલિક ભૂષણકુમાર પર મહારાષ્ટ્રના આરટીઓ વિભાગે રોડ ટેક્સની ચૂકવણી ન કરવા બદલ બે કરોડની કારના વીસ ટકા લેખે ૪૦ લાખનો દંડ ફટકાર્યો છે.

### અભદ્ર કોમેન્ટસ સોસિયલ મીડિયા પરથી દૂર કરાશે




સોશીયલ મીડિયા પર આવતી ખરાબ અને અભદ્ર કોમેન્ટસને અટકાવવા ગુગલ પસ્પેક્ટીવ નામનું એક નવું ટુલ આવી રહ્યુ છે. આ ટુલ યુઝરને જાણકારી આપ્યા વિના માત્ર ૨૪ કલાકની અંદર અભદ્ર કોમેન્ટસ દૂર કરી દેશે.

### ગાયત્રી પ્રજાપતિની ધરપકડના ભણકારા



ઉત્તરપ્રદેશના અમેઠી મતવિસ્તારમાં સમાજવાદી પક્ષના ઉમેદવાર અને અખિલેશ મંત્રીમંડળના મંત્રી ગાયત્રી પ્રજાપતિની ધરપકડનો તખ્તો તૈયાર થઈ ગયો છે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ પોલીસ કાર્યવાહી કરી રહી છે.

# બેંક હડતાલથી આર્થિક વ્યવહારો ખોરવાયા

## ૨૨૦૦૦ કરોડની આસપાસના ૪૦ લાખ ચેકના ક્લિયરન્સને અસર : જુદી જુદી માંગણીઓને લઈને ૧૦ લાખથી વધુ કર્મચારીઓએ એક દિવસની હડતાલ પાડી





નવી દિલ્હી,તા. ૨૮

નોટબંધી દરમિયાન વધારાના કામ કરવા માટે બેંક કર્મચારીઓને વળતર આપવા અને અન્ય શ્રેણીબદ્ધ માંગને લઈને આજે જાહેર ક્ષેત્રના બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા બેકિંગ સેવાને માઠી અસર થઈ હતી. કારણ કે દેશભરના આશરે ૧૦ લાખ બેંકિગ કર્મચારીઓ સરકારના લોકવિરોધી બેકિંગ સુધારા સામેના વિરોધમાં હડતાળ પર ઉતરી ગયા હતા. આજે હડતાળના પરિણામ સ્વરુપે ૨૨૦૦૦ કરોડની કિંમતના ૪૦ લાખથી વધુ ચેકના ક્લિયરન્સને માઠી અસર થઈ હતી. તેમની માંગ પર દબાણ લાવવા માટે બેંક કર્મચારીઓએ હડતાળ પાડી હતી. એક બેંક યુનિયન લીડરે કહ્યુ હતુ કે સરકાર પર અગાઉની જુદી જુદી માંગને લઈને પણ દબાણ લાવવાના હેતુસર હડતાળ પાડવામાં આવી છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા આ હડતાળની હાકલ કરવામાં આવી હતી જેમાં નવ યુનિયન આવેલા છે. નોટબંધીના ગાળા

● અનુસંધાન પાન-૭ પર

# પહેલી જુલાઈથી જીએસટીને અમલી કરાશે જ : શક્તિકાંત

## તમામ અટકળોનો અંત : તમામ રાજ્યો અમલીકરણની તારીખ પર સહમત થઇ ગયા છે : ચોથી અને પાંચમી માર્ચના દિવસે મિટિંગ થશે



નવીદિલ્હી, તા. ૨૮

આર્થિક બાબતોના સેક્રેટરી શક્તિકાંત દાસે આજે કહ્યું હતું કે, ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) પહેલી જુલાઈના દિવસથી અમલી બનાવવામાં આવશે. તમામ રાજ્યો અમલીકરણની તારીખને લઈને સહમત થઈ ચુક્યા છે. દાસે કહ્યું હતું કે, જીએસટીને પહેલી જુલાઈના દિવસથી અમલી કરી દેવામાં આવશે. તમામ રાજ્યો બિલકુલ સહમત છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો હતો. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા દાસે કહ્યું હતું કે, જીએસટીને અમલી બનાવવા માટે કમરકસી લેવામાં આવી છે. સરકાર નવમી માર્ચના દિવસથી શરૂ થનાર બજેટ સત્રના બીજા તબક્કા પહેલા ચોથી અને પાંચમી માર્ચની બેઠકમાં આઈજીએસટી (ઈન્ટેગ્રેટેડ જીએસટી),

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કબ્રસ્તાન બનવા જ ન જોઈએ : સાક્ષી મહારાજ

## પ્રચારના દોર વચ્ચે એટામાં સાક્ષી મહારાજનું વિવાદાસ્પદ નિવેદન : કબ્રસ્તાન અને સ્મશાન વિવાદમાં સાક્ષી મહારાજ પણ કુદી પડ્યા : તમામ લોકોના અંતિમ સંસ્કાર થવા જોઇએ : સમાધિ-કબ્રસ્તાન માટે જગ્યા ક્યા છે

નવી દિલ્હી,તા. ૨૮

ભાજપના સાંસદ સાક્ષી મહારાજે ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન કરીને વિવાદોમાં આવી ગયા છે. સાક્ષી મહારાજે પણ કબ્રસ્તાન અને સ્મશાનના વિવાદમાં કુદી પડીને વિવાદાસ્પદ નિવેદન કરી દીધું છે. સાક્ષી મહારાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કબ્રસ્તાન અને સ્મશામ ગૃહ પર આપવામાં આવેલા એવા નિવેદન ઉપર અસહમતિ દર્શાવી છે જેમાં મોદીએ કબ્રસ્તાન અને સ્મશાન બંને બનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, દેશમાં કબ્રસ્તાનની કોઇ જરૂર નથી. તમામના અંતિમસંસ્કાર થવા જોઈએ. કબ્રસ્તાનના કારણે જગ્યાની બરબાદી થાય છે. સાક્ષી મહારાજે કહ્યું છે કે, કબ્રસ્તાન બનાવવાની જરૂર જ નથી. તેમણે એમ પણ કહ્યું છે કે, જો કબ્રસ્તાનમાં ભારતની તમામ જગ્યા જતી રહેશે તો ખેતરોનું શું થશે. તેમણે એમ પણ ઉમેર્યું છે કે, નામ ભલે કબ્રસ્તાન રહે અથવા તો સ્મશાન ગૃહ રહે તમામના અંતિમસંસ્કાર થવા જોઈએ. કોઈની



દફનવિધિ કરવી જોઈએ નહીં. બેથી પાંચ કરોડ સાધુ સંતો છે. તમામની સમાધિ માટે કેટલી જગ્યા જશે. ૨૦ કરોડ મુસ્લિમ છે. તમામને કબ્ર જોઈએ છે. ભારતમાં જગ્યા ક્યાંથી મળશે. અત્રે નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રેલીને સંબોધતા કહ્યું હતું કે, જો એક ગામમાં કબ્રસ્તાન માટે પૈસા એકત્રિત કરવામાં આવે છે તો સ્મશાન ભૂમિ માટે પણ નાણા એકત્રિત કરવા જોઈએ. વડાપ્રધાનના આ નિવેદન બાદ જોરદાર રાજનીતિની શરૂઆત થઈ હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ સહિત સમગ્ર વિપક્ષે વડાપ્રધાનના આ નિવેદન સામે

● અનુસંધાન પાન-૭ પર




દિલ્હી યુનિવર્સિટી ખાતે છેલ્લા ત્રણ દિવસથી ચાલતો વિવાદ વધતો જાય છે... વિદ્યાર્થી પરિષદની સામે ડાબેરી વિદ્યાર્થી સંગઠનો અને એન.એસ.યુ.આઈ.એ મોરચો માંડ્યો છે... મંગળવારે પણ બંને જુથોની સામસામી રેલીઓ નીકળી હતી... તમામ પક્ષોના રાજકીય નેતાઓ પણ વિદ્યાર્થીઓને ઉશ્કેરવા કેમ્પસ પર દોડી જતા હતા... વિશ્વવિદ્યાલય રાજકારણનો અખાડો બનતા જાય છે... જેએનયુ બાદ ડીયુનો વિવાદ વધુ ને વધુ વિવાદાસ્પદ બનતો જાય છે...

# આજકાલમાં અમૂલ દૂધમાં ભાવ વધારાની શક્યતા

## ૨ રૂપિયાનો વધારો કરે તેવી શક્યતા : આ વધારો દેશભરમાં માર્ચ મહિનાથી લાગુ થશે

ગાંધીનગર, તા. ૨૮

આ ઉનાળામાં આપના ખિસ્સામાં થોડો વધુ ભાર સહન કરવો પડે તેમ છે. એટલે કે મોંઘવારી સહન કરવી પડશે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જે અમુલનું માર્કેટિંગ કરે છે, તેમણે ચીઝ, બટર, ઘી, છાશ અને આઈસક્રીમ જેવા ડેરી પ્રોડક્ટસના ભાવ વધારી દીધા છે. જો કે હવે આપની જરૂરીયાત દૂધની કિંમતમાં પણ લીટરે ૨ રૂપિયાનો વધારો થવાનો છે. જે દેશભરમાં માર્ચ મહિનાથી લાગુ થશે. ૨૦૧૪થી અત્યાર સુધી ડેરી પ્રોડક્ટના ભાવ સ્થિત રહેતા હતા. છેલ્લા બે ત્રણ મહિનામાં બટર, ઘી, છાશ અને આઈસક્રીમના ભાવ વધાર્યા છે. કારણ કે અમે ખેડૂતોને વધારે કિંમતો ચુકવીએ છીએ. તો સ્વાભાવિક રીતે અમારે દૂધની કિંમત પણ વધારવી જ પડે.

આ વર્ષે કઈ તારીખથી નવી કિંમત લાગુ પડશે તે હજુ નક્કી કરવામાં નથી આવ્યું. જૂન, ૨૦૧૬માં અમૂલે દૂધની કિંમત ૨ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો હતો. સૂત્રોએ આગળ જણાવ્યું કે પશુઓના ચારાની કિંમત ૨૫ ટકા વધી ગઈ છે. સાથે જ લીલા ચારાની કિંમત પણ ૨૦થી ૨૫ ટકા વધી છે.

# આધાર વગર જ પેન્શન ખાતાથી ઉપાડને મંજુરી

## ઇપીએફઓ દ્વારા મંજુરી અપાઈ

નવીદિલ્હી, તા. ૨૮

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓએ આધાર નંબર ઉપલબ્ધ કરાવ્યા વગર તેમના પેન્શન ખાતામાંથી ગ્રાહકોને સંપૂર્ણ નાણાના ઉપાડને મંજુરી આપી દીધી છે. આધાર વગર જ પેન્શન એકાઉન્ટમાંથી ઉપાડને મંજુરી આપવામાં આવ્યા બાદ આનો સીધો ફાયદો મોટી સંખ્યામાં કર્મચારીઓને મળી શકશે. વરિષ્ઠ અધિકારીઓ આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું છે કે, તેમના પેન્શન એકાઉન્ટમાંથી ફંડ ઉપાડ માટે ક્લેઈમ દાખલ કરનાર તમામ સભ્યોને હવે આધાર નંબર રજૂ કરવાની જરૂર પડશે નહીં. ઈપીએફઓના અગાઉના આદેશમાં આધાર નંબર આપવાની બાબતને ફરજિયાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ હવે આધાર નંબર આપ્યા વગર આ સુવિધા ઉપલબ્ધ રહેશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એવા લોકો જે ૧૦ વર્ષથી ઓછી સર્વિસ ધરાવે છે તે લોકો તેમના પેન્શન એકાઉન્ટમાં જમા કરવામાં આવેલી રકમને ઉપાડી લેવા ફોર્મ-૧૦સી મારફતે ફાઈનલ સેટલમેન્ટ ક્લેઈમ રજૂ કરી શકે છે. જો કે, અધિકારીઓનું કહેવું છે કે, ફોર્મ ૧૦ડીનો ઉપયોગ કરીને તેમના પેન્શન નક્કી કરવા માટે ક્લેઈમ રજૂ કરનાર સભ્યોને આધાર નંબર અથવા તો નોંધણીની સ્લીપ રજૂ કરવાની રહેશે. મોટી સંખ્યામાં સભ્યોને મોટી રાહત આપવા પાછળનું કારણ આપતા અધિકારીઓએ કહ્યું છે કે, ફોર્મ ૧૦સી હેઠળ આધાર નંબર રજૂ કરવાની જરૂરીયાતની બાબત વિડ્રોઅલના કેસોના સેટલમેન્ટમાં અડચણો ઉભી કરી રહી હતી. અગાઉ એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે, પેન્શન માટે કોઈના પણ માટે આધાર નંબરને ફરજિયાત કરવામાં આવશે.

# જાપાનમાં ૫.૬ની તીવ્રતાનો ધરતીકંપ : ભારે અફડાતફડી

ટોકિયો, તા. ૨૮

જાપાનના ફુકુશિમામાં ફરી એકવાર ૫.૬ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો છે. જો કે, ભૂકંપના આંચકા બાદ સુનામીની કોઈપણ ચેતવણી જારી કરવામાં આવી નથી. જાપાન અને યુએસ સત્તાવાળાઓએ કહ્યું છે કે, સુનામીની કોઈ દહેશત નથી. બીજી બાજુ ડિઝાસ્ટરગ્રસ્ત ફુકુશિમા ન્યુક્લિયર પ્લાન્ટ નજીક આંચકો આવ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ભૂકંપના સંદર્ભમાં અમેરિકાની સંસ્થાએ વિગત આપતા કહ્યું છે કે, ભૂકંપનું કેન્દ્ર જમીનની નીચે હોવાના કારણે નુકસાન ટળી ગયું છે. જાપાન ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, ભૂકંપનો આંચકો આવ્યા બાદ સુનામીની લહેર આવી ન હતી. ટોકિયોમાં હાઈરાઈઝ્ડ ઈમારતોમાં આજના ભૂકંપના કારણે આંશિક નુકસાન થયું છે. જો કે, કોઈ જાનમાલનું નુકસાન થયું નથી. કેટલીક લોકલ ટ્રેનોને સાવચેતીના પગલારુપે રોકી દેવામાં આવી હતી.

# સુબ્રતા રોયની પેરોલની અવધિ ૧૭મી એપ્રિલ સુધી લંબાવાઈ

## સંપત્તિને સુપ્રીમ કોર્ટ દ્વારા વેચી દેવામાં આવશે : કુલ ૧૧૦૦ કરોડ જમા કરવા ગાઝિયાબાદ ઓથોરિટીને આદેશ : સહારાએ સંપત્તિ અંગે યાદી સુપ્રીમ કોર્ટને સોંપી

નવીદિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે આજે સહારાના વડા સુબ્રતા રોયની પેરોલની અવધિને ૧૭મી એપ્રિલ સુધી લંબાવી દીધી હતી. સાથે સાથે સહારામાંથી જમીન મેળવી લેવા માટે સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી સમક્ષ ૧૧૦૦ કરોડ રૂપિયા જમા કરવા ગાઝિયાબાદ ડેવલપમેન્ટ ઓથોરિટીને આદેશ કરી દીધો છે. બીજી બાજુ સહારાએ સુપ્રીમ કોર્ટ સમક્ષ સંપત્તિઓની પોતાની યાદી રજૂ કરી દીધી છે. આ સંપત્તિઓને હવે વેચવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે સહારા સેબી ખાતામાં નાણાની રકમ જમા કરવા સૂચના આપી છે. ઈન્ટરનેશનલ રિયલ એસ્ટેટ કંપની એમજી કેપિટલ હોલ્ડિંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ લંડન સ્થિત ન્યુયોર્ક પ્લાઝા હોટલને ખરીદવા સુપ્રીમ કોર્ટને કહ્યું છે. કંપનીએ આ હોટલમાં સહારાની હિસ્સેદારીને ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે ન્યુયોર્કમાં હોટલની ખરીદી માટે બોનાફાઈડ દર્શાવવા ૭૫૦ કરોડ રૂપિયાની રકમ જમા કરવા કંપનીને આદેશ કર્યો છે.



આ સમગ્ર મામલામાં વધુ સુનાવણી ૧૭મી એપ્રિલના દિવસે હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે સહારાને આ સંપત્તિ વેચી દઈને પાંચ હજાર કરોડની રકમ જમા કરવા આદેશ કર્યો છે.

સુબ્રતા રોય ચોથી માર્ચ ૨૦૧૪ના દિવસે માર્કેટ રેગ્યુલેટર સેબી સાથે ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટના આદેશને નહીં પાળવા બદલ તિહાર જેલ ભેગા કરવામાં આવ્યા હતા. સેબીએ આક્ષેપ કર્યો હતો કે, સુબ્રતા રોય મૂડીરોકાણકારોની સંપત્તિને પરત આપવા તેમને આપવામાં આવેલા આદેશને પાળવામાં નિષ્ફળ ગયા છે. સહારા સામે છેલ્લા ઘણા સમયથી એક પછી એક તકલીફો આવી છે.

# ૩૯ પાકિસ્તાની કેદીને મુક્ત કરવા માટે ભારતનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૮

પાકિસ્તાન તરફથી મળી રહેલા શાંતિના સંકેત વચ્ચે આખરે ભારતે પણ હકારાત્મક પહેલ કરીને ૩૯ પાકિસ્તાની કેદીઓને છોડી મુકવાનો નિર્ણય કર્યો છે. આ તમામ કેદીઓને પહેલી માર્ચના દિવસે મુક્ત કરવામાં આવનાર છે. ભારતની જેલમાં રહેલા ૩૯ પાકિસ્તાની કેદીને છોડી મુકવામાં આવનાર છે. આ કેદીઓ પૈકી ૨૧ કેદી એવા છે જે પોતાની સજા પૂર્ણ કરી ચુક્યા છે. બીજી બાજુ ૧૮ માછીમારો છે. પાકિસ્તાને થોડાક સમય પહેલા જ ભારતીય જવાન બાબુલાલ ચવ્હાણને મુક્ત કરી દીધો હતો.







| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 15 |
| 400g | 28 |
| 1kg | 55 |
| 5kg | 250 |

| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 22 |
| 400g | 38 |

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57